## મહે.૧૧માં એડી. જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસની કોર્ટ સમક્ષ, મુ.વડોદરા.

GJVD020573692026

| | | |
|---|---|---|
| ફોજદારી કેસ નં. | :: | ૫૪૪૫૦/૨૦૨૬ |
| આંક | :: | |

| | |
|---|---|
| ફરિયાદી :– | શ્રી સરકાર |

**–:: વિ રૂ ધ્ધ ::–**

| | |
|---|---|
| આરોપી :– | **ભુપતભાઈ અલસિંગભાઈ નાયક**<br>રહે. મારૂતિનગર, ઝુપડપટ્ટી, લીમડી પાસે, આજવા રોડ, વડોદરા. |

**ગુન્હો : ધી પ્રોહીબીશન એકટની કલમ–૬૫(એ)(એ) મુજબ.**

**–:: હુ ક મ ::–**

(૧) આ કામે ફરીયાદપક્ષ તરફે આરોપી વિરૂધ્ધ પ્રોહીબીશન એકટની કલમ–૬૫(એ)(એ) મુજબના ગુનાનું ચાર્જશીટ રજુ કરેલ છે.

(૨) ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ની કલમ –૨૩૦ મુજબ, આરોપીને પોલીસ તપાસનાં કાગળોની નકલો પૂરી પાડવામાં આવેલ છે અને આરોપીએ હાજર થઈ કબુલાત પુરસીસ રજુ કરી પોતે ગુનો કબુલ કરતા હોવાની હકીકત જણાવેલ છે. ત્યારબાદ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ની કલમ–૨૬૩ અન્વયે આરોપી વિરૂધ્ધ તહોમતનામું ફરમાવી આરોપીની પ્લી રેકર્ડ કરતાં તેમાં પણ આરોપીએ સ્વૈચ્છાએ ગુનો કબુલ હોવાનું જણાવેલ છે અને વિશેષમાં જણાવેલ છે કે, તેઓ ગરીબ ઈસમ છે, છુટક મુજરી કરી તેમના કુટુંબનું ગુજરાન ચલાવે છે. તેમજ સદરી ગુન્હો પ્રથમ વખતનો ગુન્હો છે, તેઓ તેમની ભુલ સુધારવા માંગે છે અને ભવિષ્યમાં આવા પ્રકારના કોઈ ગુનાહિત કૃત્ય કરશે નહી તેવી ખાત્રી આપે છે.

(૩) ઉપરોકત રેકર્ડ પર રજુ સમગ્ર પુરાવાનું મુલ્યાંકન કરવામાં હાલના આરોપીનું નિવેદન ધ્યાને લેતાં તેની કબુલાત સ્વૈચ્છિક હોવાનું જણાય છે. કોઈએ તેને કોઈ લાલચ કે પ્રલોભન આપેલ નથી,

P.T.O.

ગુનાની સજાની જોગવાઈ બાબતે તેને માહીતગાર કરવામાં આવેલ છે. તેમ છતાં પોતે સ્વૈચ્છિક કબુલાત કરતા હોઈ તેની કબુલાત રેકર્ડ કરવામાં આવેલ છે. આમ, આરોપીની રજુઆત તેમજ તેની સામાજીક અને આર્થિક સ્થિતિ અને કેસના જે સંજોગોમાં ગુનો બનવા પામેલ છે. તે તમામ હકીકતને ધ્યાને લેતાં આરોપીને ઓછામાં ઓછી સજા કરવા માટેનો યોગ્ય કિસ્સો જણાય છે અને આ બાબતે **જી.એલ.આર. ૨૦૦૫ નામદાર માનવંત ગુજરાત વડી અદાલતનો નટવર હરચંદ વિ.સ્ટેટ** નો ચુકાદો ધ્યાને લેતાં, આરોપીને આવા કિસ્સામાં ન્યુનતમ સજા કરતાં પણ ઓછી સજા કરી શકાય તેમ હોઈ આરોપીની કબુલાતને ધ્યાને લેતા ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## -:: હુકમ ::-

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ની કલમ-૨૬૪ અન્વયે, આ કામના આરોપીને પ્રોહીબીશન એકટની કલમ - ૬૫(એ)(એ) મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી **રૂા.૨૦૦/- (અંકે રૂપિયા બસો પુરા)** નો દંડ કરવામાં આવે છે અને જો આરોપી દંડની રકમ ભરવામાં કસુર કરે તો **દિન-૦૩** ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

મુદ્દામાલ દારૂનો નિયમોનુસાર નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તા.**૧૪** માહે : **માર્ચ** સને : **૨૦૨૬** ના રોજ **સ્પેશયલ સીટીંગમાં** વાંચી, સંભળાવીને જાહેર કર્યો.

**તા.૧૪/૦૩/૨૦૨૬**
**સ્થળ : વડોદરા.**

**( કવિતા ગેહલોત )**
૧૧માં એડી. જયુડી. મેજી. ફર્સ્ટ કલાસ,
વડોદરા.
**કોડ નં.જીજે ૦૧૭૬૮**

દંડ રૂ.-----------અંકે રૂ.-------------

પા.નં.-----------ઉપર વસૂલ આપેલ છે.

તા.-----------
વડોદરા. Superintendent/Nazir

P.T.O.